પાનના ગલ્લે ઉભા ઉભા ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૮

કલોલમાં પાકિસ્તાન-શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલ વન-ડે મેચ પર બે શખ્સો પાનના ગલ્લે ઉભા ઉભા સટ્ટો રમી રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીના હેડ કોન્સ્ટેબલ મનુજી, પો.કો. સંદપસિંહ અને જયવિરસિંહની ટીમે દરોડો પાડી બે સટોડીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. કલોલ-બોરીસણા ગામના સંકલ્પ ફલેટમાં રહેતા જીગર ઉર્ફે જીગો જગજીવન પટેલ અને કલોલ ઈન્દિરાનગરમાં રહેતા હરેશ કિશનચંદ્ર પંજવાણીને ચાર મોબાઈલ રૂપિયા ૨૧૦૦ રોકડા અને ટીવી મળી રૂપિયા ૧૫૧૦૦ના મુદ્દામાલ સાથે બન્ને સટ્ટોડીયાની ધરપકડ કરી લેવામાં આવી છે.

વિશ્વ મહિલા દિન નિમિત્તે વિવિધ સ્વેચ્છિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓએ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. કડી સંકુલના ખીમજી વીસરામ હૉલ ખાતે કડી સંકુલની વિવિધ સંસ્થાઓની વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી નારીશક્તિનો પરિચય કરાવ્યો હતો. (તસવીર : દિપક જાની)

મહિલા દિને વિવિધ ક્ષેત્રની નારી પ્રતિભાઓને એવોર્ડથી સન્માનવામાં આવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં મહિલા અને બાળ કલ્યાણક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા દિને 'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટ દ્વારા સતત પાંચમા વર્ષે વિવિધ ક્ષેત્રે કાર્યરત મહિલાઓને ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનવામાં આવી હતી. આ પ્રસંગે નગરના રમતવીર પારૂલ પરમારે પ્રેરક હાજરી આપી હતી

'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમમાં ગુજરાતમાંથી પ્રથમ મહિલા આઈ.એ.એસ. તરીકે કર્ણાટક કેડરના ગૌરીબેન ત્રિવેદી અને કલ્પતરૂ પાવરના સીએફઓ કમલ કિશોર જૈન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટાટા પાવરના સુરેશ રાવ, નહેરૂ યુવા કેન્દ્રના રજનીકાંત સુથાર અને આશાબેન સરવૈયાની ઉપસ્થિતિમાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં ચતુર્થ ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ વિજેતા સમાજ સેવી શિક્ષિકા કુંદનબેન દવેને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે મહિલા દિન હોવા છતાં અને ઈન્ફોસિટી ક્લબ રિસોર્ટ જેવું જાજરમાન સ્થળ હોવા છતાં મહિલાઓને સન્માનવાના આ સમારંભમાં મહિલા પ્રેક્ષકો સહિત ખૂબ જૂજ સંખ્યામાં લોકોની હાજરીએ આયોજકોના ઉત્સાહમાં પંચર પાડ્યું હતું.

ઉદ્‌ગમ વુમન્સએચીવર્સ એવોર્ડ મેળવનાર વિવિધ ક્ષેત્રની પ્રેરણાદાયી વ્યક્તિત્વ ધરાવતી મહિલાઓ

- ● આરોગ્ય
  - ડૉ. અમી શાહ
  - ડૉ. મીરા બુટાની
- ● રમતગમત
  - મહેશ્વરી ધુમાલ
  - ડૉ. મનીષા શાહ
- ● સંગીત
  - સંગીતા પુરોહિત
- ● શિક્ષણ
  - કલ્પના દવે
  - હેતલબા વાઘેલા
- ● પર્યાવરણ
  - વૃચા જોહરી
  - અસ્મિતા જુનારકર
- ● કોર્પોરેટ
  - ગ્રીષ્મા ત્રિવેદી
- ● ઉદ્યોગ સાહસિકતા
  - લીના રાવલ
- ● સમાજસેવા
  - મીના જગતાપ
  - આશા મહેતા
- ● થીયેટર-કલા
  - અદિતિ દેસાઈ
  - હિના ઉપાધ્યાય
- ● પત્રકારત્વ
  - બિનીતા પરીખ
- ● સાંસ્કૃતિક
  - ભૈરવી લાખાણી
  - અમી વંકાણી
- ● લાઈફ ટાઈમ એચીવમેન્ટ
  - કુંદનબેન દવે

રસ્તા વચ્ચે રોઝ આવી જતા એક્ટીવા સ્લીપ : એકનું મૃત્યુ

પેથાપુરથી બે મિત્રો એક્ટીવા લઈને રાંધેજા તરફ જઈ રહ્યા હતા : એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીકના પેથાપુરથી બે મિત્રો એક્ટીવા લઈને રાંધેજા તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તામાં આડે રોઝ આવી જતા એક્ટીવા સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં એક યુવાનનું મૃત્યુ નિપજ્યું છે જ્યારે એકને ગંભીર ઈજાઓ થતાં દાખલ કરવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

રાંધેજા ગામમાં રહેતા ૩૪ વર્ષિય અશ્વિનભાઈ ગાંડાભાઈ પટેલ અને ૩૫ વર્ષીય દેવડાભાઈ હસમુખભાઈ જોષી બન્ને મિત્રો એક્ટીવા નંબર જીજે-૧૮-એ.એલ.૧૫૧૯ લઈને ડબલ સવારી જઈ રહ્યા હતા. પેથાપુરથી રાંધેજા રોડ પર તેઓ પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તામાં આડે અચાનક રોઝ આવી જતા એક્ટીવા ચાલક બેલેન્સ ગુમાવી બેઠા અને એક્ટીવા સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં બન્ને મિત્રોને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. ૩૫ વર્ષિય દેવડાભાઈ હસમુખભાઈ જોષીનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે અશ્વિનભાઈને ઘાયલ હાલતમાં હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.

રાત્રે બે વાગ્યે તારાપુર પાસે ટ્રેક્ટર પાછળ ડમ્પર ઘુસી ગયુ

ટ્રેક્ટર માલીકનું કમકમાટીભર્યું મૃત્યુ : એસ.જી.હાઈવે પર બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર-સરખેજ હાઈવે પરથી પસાર થઈ રહેલા ટ્રેક્ટરની પાછળ રાત્રે બે વાગ્યે બેફામ ગતિએ નિકળેલુ ડમ્પર ઘુસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રેક્ટર લઈને નીકળેલ ટ્રેક્ટર માલીકનું જ કરૂણ મૃત્યુ નિપજ્યું છે. અડાલજ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

અમદાવાદના સાણંદ તાલુકામાં આવેલા હથીપુરા ગામમાં રહેતા ૪૦ વર્ષીય માતમભાઈ કમાભાઈ ચૌહાણ ગઈરાત્રે તેમનું ટ્રેક્ટર નં. જીજે-૧-એચ.ક્યુ.૧૩૪૦ લઈને નીકળ્યા હતા. રાત્રે બે વાગ્યાના અરસામાં હાઈવે પર બેફામ ગતિએ નીકળેલુ ડમ્પર નં. જીજે-૯-ઝેડ-૬૬૬૬ આગળ જઈ રહેલા ટ્રેક્ટરની પાછળ ધડાકાભેર ઘુસી ગયું હતું. આ ગંભીર અકસ્માતમાં ટ્રેક્ટર માલીક માતમભાઈ ચૌહાણનું કરૂણ મોત નિપજ્યું છે. અડાલજ પોલીસમથકના પીએસઆઈ બી.કે. વાઘેલાએ ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

નરોડા-ચિલોડા હાઈવે પર પ્રાંતિયા ગામના પાટીયા પાસે આજે સવારે સર્જાયેલા ટ્રેલરના અકસ્માતમાં ભયંકર ટ્રાફીક જામ થઈ જવા પામ્યો હતો. અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ સવારે ૬ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી ૫ કલાક રસ્તો બ્લોક થયેલો રહેતા ટ્રાફીક ડાયવર્ટ કરવા ડાયવર્ઝન આપવું પડ્યું હતું.

ઝેરી દવા ગટગટાવી લેનાર સે-૨ની મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે રહેતા ૫૪ વર્ષીય પ્રૌઢાએ એક અઠવાડીયા અગાઉ પોતાનાં ઘરે જ કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં જયાં આજે સારવાર દરમિયાન તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨સી પ્લોટ નં ૯૧૭/૧ ખાતે રહેતા ૫૪ વર્ષીય પ્રૌઢા જીવુબેન અમરસિંહ બિહોલાએ ૨૮મી ફેબ્રુઆરીએ મોડી સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પરિવારજનોને જાણ થતા તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. એક અઠવાડીયાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જીવુબેન જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતાં. દરમિયાન આજે તેમનું હોસ્પિટલમાં જ મૃત્યુ નિપજ્યું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

આજે જશ્ને ગોસે આઝમ

આજરોજ સેક્ટર-૨૯ ખાતે પીરે તરીકત હઝરત અબ્દુલ નવાબ સાબ જશ્ને ગોસે આઝમ પર વાયઝ તકરીર ફરમાવી દીલો ને મુનવર કરશે. ત્યાર બાદ ન્યાઝ તકસીમ કરવામાં આવસે. આ પ્રસંગે નગરના મુસ્લિમ બિરાદરોને ઉપસ્થિત રહેવા બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

આજે ફાધર શેખર માનિકમના અંગ્રેજી કાવ્ય સંગ્રહનું વિમોચન કરશે

કેથલીક ઈન્ફોર્મેશન સર્વિઝ સોસાયટી દ્વારા આજ રોજ રવિવાર સાંજે ૫.૦૦ કલાકે ગોલ્ડન જયુબિલી હોલ સેંટ ઝેવિયર્સ સ્કુલ મેમનગર અમદાવાદ ખાતે અંગ્રેજી કવિ ફાધર શેખર માનિકમ, એસ.જે.ના અંગ્રેજી કાવ્ય સંગ્રહ 'ઓન ધ વીંગ ઓફ લવ'ના ગુજરાતી અનુવાદ પ્રેમની પાંખેનું વિમોચન ઈસુ સંઘના પ્રાતપતિ ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે.ના હસ્તે કરવામાં આવશે.

મોચી સમાજની ડીરેકટરી બનશે

ગુજરાત મોચી સમાજ સેવા ટ્રસ્ટ (ગ્રેમ્સ) દ્વારા જ્ઞાતિના મેડીકલ વ્યવસાય સાથે સંકળાયેલા ડોકટર, નર્સીસ, ફાર્માસીસ્ટ અને પેરામેડિકલના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યકિતઓની ડીરેકટરી બહાર પાડવામાં આવશે. ડીરેકટરીમાં નામ નોંધાવવા માટે પ્રમુખ મહેન્દ્ર ચૌહાણ પ્લોટ નં. ૧૭૯/૨, સે-૧૪ માં ૯૪૨૭૦ ૫૬૮૪૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

ગુજરાતી લેખક મંડળ બાળસાહિત્ય લેખનમાં વૈજ્ઞાનિક અભિગમ વિષય પર પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતી લેખક મંડળની વાર્ષિક સામાન્ય સભા ૨૦૧૪ અને બાળ સાહિત્યમાં વૈજ્ઞાનિક અભિગમ પરિસંવાદ આજરોજ સવારે ૯ થી ૫ સુધી અહિંસા શોધ ભવન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજાશે.

ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાનાર કાર્યક્રમમાં પ્રથમ બેઠક ૧૧ કલાકે શરૂ કરવામાં આવશે. બેઠકમાં અમે બાળકો પાસેથી ઘણુ શીખ્યા. વિષય પર કરસનદાસ લુહાર, મનહર જમીલ અને માલિની શાસ્ત્રી વક્તવ્ય પુરૂ પાડશે. બીજી બેઠકમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વાર્તાકથન, ગીતગાન, કૌશલ્યમાં કાર્યરત નિવડેલા શિક્ષકો સાથે વિચાર-વિમર્શ કરવામાં આવશે અને ત્રીજી બેઠકમાં જૂથમાં ચર્ચાયેલા મુદ્દાઓની રજૂઆત કરવામાં આવશે.

કાર્યક્રમ ગુજરાતી લેખક મંડળ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. જેમાં યશવંત મહેતા, મહેશ સોની, મનહર ઓઝા સહિતના આયોજકો દ્વારા સહયોગ પ્રાપ્ત થશે.

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનપદે કોદરભાઈ પટેલ બિનહરીફ

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનપદે કોદરભાઈ આર. પટેલ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રતિનિધિ તરીકે લાલજીભાઈ જી. પટેલની સતત ચોથી ટર્મ માટે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

મહિલા સિવણ વર્ગ સેક્ટર-૨૨ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા બહેનોને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. બ્યુટી પાર્લર, લેધરવર્ગમાં વિશિષ્ટ તાલીમ મેળવનાર બહેનોને પ્રમાણપત્ર આપી મહિલાઓએ લીધેલ તાલીમ લઈ સ્વનિર્ભર બને તેવી શુભેચ્છાઓ આપવામાં આવી. આંતરરાષ્ટ્રીય મહિલા દિને રાખવામાં આવેલ આ સન્માન કાર્યક્રમમાં નહેરૂ યુવા કેન્દ્રના યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથાર, સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજના સર્વશ્રી જીવુભા ધાધલ, હર્ષાબા ધાંધલ, નિવૃત્ત આચાર્ય ઈન્દુમતી નીમાવત, સંસ્થાના સંચાલક સુમનબેન જાદવ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૨

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦
રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
ગુલાબ ગેંગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦
ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

કર્ક : મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન-મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

મકર : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

મીન : કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. જશુમતીબેન ચંદુલાલ જોશી(ઉ.વ. ૮૪) પ્લોટ નં. ૫૧૭/૧, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. કાનજીભાઈ ચીમનભાઈ બારોટ(ઉ.વ. ૫૦) મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મનુજી શંમાજી વાઘેલા (ઉ.વ. ૬૦) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અમરતજી રૂમાલજી ઠાકોર(ઉ.વ. ૪૫) મુ.પો. શિહોલી મોટી, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. જીવુબેન અમરસિંહ બિહોલા(ઉ.વ. ૫૪) મુ.પો. પાલજ, તા. માણસા, જિ. ગાંધીનગર.